# ચેકડેમ અને તળાવો પાણીથી છલોછલ થતાં પ્રજા-ખેડૂતોમાં હરખ

## સાબરકાંઠામાં ૪ ચેકડેમ, ૭ તળાવ પાણીથી સંપૂર્ણ ભરાયાં : ભૂગર્ભ જળની સપાટીમાં આવતો સુધારો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

સાબરકાંઠામાં સાર્વત્રિક વરસાદ પછી ચેકડેમ તેમજ તળાવોમાં પાણીની મહત્તમ આવક થવા લાગી છે. છેલ્લા ૪ દિવસથી વરસાદની હાજરીના કારણે જિલ્લામાં ૪૬ ચેકડેમ અને ૭ તળાવ સંપૂર્ણ ભરાતાં પ્રજા અને ખેડૂતોમાં હરખ છવાયો છે. ચેકડેમ, તળાવો પાણીથી છલોછલ થવા લાગતાં ભૂગર્ભ જળની સપાટીમાં પણ સુધારો થઈ રહ્યો છે. જિલ્લામાં ભૂગર્ભ જળસ્તર ચિંતાજનક રીતે ઉંડા ઉતરતાં સરકાર દ્વારા મહાજળ અભિયાન શરુ કરવામાં આવ્યું. ચોમાસામાં ફોગટમાં વહી જતા પાણીને




ચેકડેમ તેમજ તળાવોમાં સંગ્રહીત કરવા ૨૦૦ થી વધુ તળાવો ઉંડા કરવામાં આવ્યા હતા. પાણીની સંગ્રહશક્તિ વધે તે માટે ચેકડેમ અને તળાવો ઉંડા કરાયા પછી ચોમાસામાં તેનો લાંબા ગાળે ફાયદો જોવા મળી શકે છે. સાબરકાંઠા જિલ્લામાં પણ ચેકડેમ જળસંચય માટે તૈયાર કરવામાં આવેલા છે. જ્યારે ૫૨૪ તળાવો ચોમાસાની સીઝનમાં પાણીથી ભરાતાં હોવાથી સિંચાઈમાં તેનો ખેડૂતોને લાભ થતો હોય છે. છેલ્લા ૪ દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. જ્યારે ઉપરવાસમાં પણ વરસાદ વરસ્યો હોવાથી મોટા જળાશયોમાં પાણીની આવક નોંધાવાની સાથે હવે ચેકડેમ, તળાવોમાં પણ પાણીની આવક થઈ છે. સાબરકાંઠા જિલ્લામાં હાલની સ્થિતિએ ૪૬ ચેકડેમ તેમજ ૭ તળાવો પાણીથી સંપૂર્ણ ભરાયાનું સિંચાઈ સૂત્રોએ જણાવ્યું છે. જ્યારે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સમયમાં ભારે વરસાદ વરસવાની શક્યતાને જોતાં બાકી રહેલા તળાવો તેમજ ચેકડેમમાં પણ છલોછલ પાણી ભરાવાની સંભાવના વ્યક્ત થઈ છે.

## બેંક ઓફ બરોડા ગાંભોઈ શાખા દ્વારા સ્વાસ્થ્ય નિદાન કેમ્પ યોજાયો



બેંક ઓફ બરોડાના ૧૧૫માં સ્થાપના દિવસ પર હિંમતનગર તાલુકાની ગાંભોઈ શાખા દ્વારા નિઃશુલ્ક સ્વાસ્થ્ય નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં "શ્રીજી હોસ્પિટલ"ના ડૉ.વિકાસ પટેલ દ્વારા ૯૦થી વધુ લોકોની સ્વાસ્થ્યની ચકાસણી કરી નિદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંભોઈ શાખાના મેનેજર અરુણ ખજૂરીયા સહિત બેંક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ધાનેરામાં આખલાઓનો ત્રાસ દિન પ્રતિદિન વધારો



ધાનેરા માં ઝઘડતા આખલાઓ ક્યારેક લોકોને ઈજા પહોંચાડે છે તો ક્યારેક વાહનો ભાગે છે અને વેપારીઓની દુકાનમાં ઘૂસી જાય છે. આખલાઓના આતંકથી ધાનેરા વાસીઓ ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ધાનેરા શહેરી વિસ્તારમાં દિન પ્રતિદિન આખલાના આતંક સામે આવી રહ્યા છે. જાહેર રસ્તા પર આખલાઓ બાંખડતા અન્ય લોકોને નુકસાન વેઠવાનો વારો આવે છે. ક્યારેક લોકો અડફેટે આવી જાય છે તો ક્યારેક વાહનો આવે છે તો ક્યારેક તો આખલાઓ જ દુકાનમાં ઘૂસી જાય છે .જેથી કરીને દુકાનદારો તેમજ લોકોને નુકસાન વેઠવાનો વારો આવે છે .સમગ્ર બાબતને લઈ ધાનેરાના લોકો દ્વારા સ્થાનિક તંત્રને રખડતા ઢોર બાબતે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે છતાં કોઈ જ યોગ્ય નિરાકરણ ન લાવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે પણ ધાનેરાના મધુસુદન પ્લાઝા પાસે બે આખલા જાહેરમાં બાખડી રહ્યા હતા તે સમય દરમિયાન લોકો બાજુમાંથી ખસી જતા જાન હની ટળી હતી. ત્યારે લોકોની માંગ છે કે રખડતા ઢોર પ્રત્યે સ્થાનિક તંત્ર જાગૃત બને અને યોગ્ય નિકાલ લાવે.

## મંદિર ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસ દ્વારા પૂજારીઓને વિવિધ બાબતોનું સૂચન



મંદિર ચોરીના બનાવો અટકાવવા માટે ધાનેરા પોલીસ ઈન્પેક્ટર ડી વી ડોડીયા તેમજ તેમના સ્ટાફ દ્વારા આજે ધાનેરાના શહેરી વિસ્તારમાં આવેલા મામાબાપજી મંદિર અંબાજી મંદિર સહીત તમામ મંદિરોની મુલાકાત લેવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,મંદિર ના પુજારીઓ વિવિધ પ્રકાર નું સૂચન પણ આપવામાં આવ્યું હતું . ધાનેરા પોલીસ ઈન્સ્પેકટર ડી વી ડોડિયાએ જણાવ્યું હતું કે, મંદિરોની સુરક્ષા અને સલામતી અનુસંધાને મંદિરોની વિઝીટ કરવામાં આવી છે. દાન પેટી ની રકમ દર પંદર દિવસે સેફ ડિપોઝિટ માં મુકવા માટે વિનંતી કરવામાં આવી તથા સોના ચાંદીના દાગીના સેફ લોકર માં મુકવા જણાવવામાં આવ્યું સીસીટીવી કેમેરા લગાડવા સિક્યુરિટી કે વોચમેન રાખવા શંકાસ્પદ જણાય તો પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જાણકારી અને સમજ આપવામાં આવી હતી.

## ડ્રગ વિભાગની કચેરી આગળ ફટાકડા ફોડી, ભ્રષ્ટાચાર બંધ કરો લખેલી કેક કાપી વિરોધ




પાલનપુરમાં ડ્રગ ઈન્સ્પેકટર લાંચ લેતા ઝડપાયા બાદ એક દિવસના રિમાન્ડ બાદ તેને જેલમાં ધકેલી દેવાયો છે. દરમિયાન ફાર્માસિસ્ટોએ મંગળવારે ભ્રષ્ટ સિસ્ટમ સામે અનોખો વિરોધ નોંધાવવા ડ્રગ વિભાગની કચેરી આગળ ફટાકડા ફોડી, ભ્રષ્ટાચાર બંધ કરો લખેલી કેક કાપી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ડ્રગ ઈન્સ્પેકટરોને ભ્રષ્ટાચાર આચરશો તો ઘરભેગા થવાની તૈયારી રાખજો એવો મેસેજ આપવા ફાર્મા એસો. દ્વારા બેનર સાથે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યો હતો. ફાર્મા એસો.ના પ્રમુખ રજનીકાંતે જણાવ્યું હતું કે" મેડીકલ સ્ટોર્સમાં ગેરરીતી ચાલવા દેવા રૂપિયા ઉઘરાવી બનાસકાંઠાની જનતાના આરોગ્યને જોખમમાં મુકતા પાલનપુર ફુડ એન્ડ ડ્રગ વિભાગની કચેરી ભ્રષ્ટાચારથી ખદબદી રહી છે જેના કારણે ફાર્માસિસ્ટના ભાડાના લાયસન્સ ઉપર ઠેર ઠેર મેડીકલ સ્ટોર્સની હાટડીઓ ખુલી ગઈ છે તોતિંગ પગાર લેતા ડ્રગ ઈન્સ્પેક્ટરો પોતાના ઘર ભરવા જનતાના આરોગ્યને જોખમમાં મુકી રહ્યા છે અનેક રજૂઆતો છતાં નક્કર પરિણામ મળતુ ન હતું પરંતુ ડ્રગ ઈન્સ્પેક્ટર ચિત્રાંગ પટેલ એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ જતા બનાસકાંઠા જિલ્લાના ફાર્માસિસ્ટોમાં આનંદ વ્યાપી ગયો છે અને ફટાકડા ફોડીને એની ઉજવણી કરી હતી. તેમજ ફુડ એન્ડ ડ્રગ ઓફિસમાં જ ભ્રષ્ટાચાર બંધ કરો સ્લોગન લખેલી કેક કાપી સમસ્ત ગુજરાતના ડ્રગ ઈન્સ્પેક્ટરોને મેસેઝ આપ્યો હતો કે ભ્રષ્ટાચાર કરશો તો ઘરભેગા થવાની તૈયારી રાખજો."

## પ્રાંતિજ શાળા નંબર-૭ના વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યુ

### જિલ્લા વાલ્મીકી સમાજ ટ્રસ્ટ દ્વારા ચોપડાનુ વિતરણ કરવામા આવ્યુ : બાળકોને ચોપડા મળતા તેમના ચહેરા ઉપર સ્મિત જોવા મલ્યુ






પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શાળા નંબર-૭ ખાતે શાળાના વિધ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામા આવ્યુ. પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તાર મા આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નંબર-૭ ખાતે સાબરકાંઠા જિલ્લા વાલ્મીકી સમાજ ટ્રસ્ટ દ્વારા ચૉપડાઓનુ વિતરણ કરવામા આવ્યુ હતુ જેમા આર.કે.ચૌહાણ, કનુભાઈ એમ.પરમાર , મુકુન્દરાય.કે. ચૌહાણ , દર્શન ભાઈ ગોહેલ , જીતેન્દ્ર ભાઈ સી.ચૌહાણ સહિત ઉપસ્થિત રહ્યા હતા અને શાળાના તમામ બાળકોને ચોપાડા નુ વિતરણ કરવામા આવ્યુ હતુ તો બાળકોને ચોપડા મળતા તેવો ના ચહેરા ઉપર સ્મિત જોવા મલ્યુ હતુ જયારે શાળા આચાર્ય તથા શાળા પરિવાર દ્વારા શાળાના વિધાર્થીઓને ચોપડા મળતા જિલ્લા વાલ્મીકી સમાજ ટ્રસ્ટ નો આભાર વ્યક્ત કર્યો હતો

## જી.એસ.ટી.ની અસર

### જિલ્લામાં અમૂલ દહીં, છાશમાં ભાવ વધારાથી પ્રજા ઉપર દૈનિક ૧.૬૦ લાખનો બોજ

**જિલ્લામાં દૈનિક ૧.૧૫ હજાર લીટર છાશ, ૧૦ ટને દહીંનું વેચાણ**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મોંઘવારીથી પરેશાન પ્રજા માટે અમૂલ દહીં અને છાશમાં જી.એસ.ટી. લાગુ પછી થયેલ ભાવ વધારો અસહ્ય થયો છે. જિલ્લામાં દૈનિક ૧,૧૫,૦૦૦ લીટર છાશ અને ૧૦ ટન દહીંનું વેચાણ થતું હોવાથી દૈનિક પ્રજા ઉપર છે ૧. ૬૦ લાખનો બોજ પડ્યો છે. જીવન ઉપયોગી ખાદ્ય સામગ્રીમાં જી.એસ.ટી. લાગુ કરવાના સરકારના નિર્ણય સામે પ્રજામાં નારાજગીનું પ્રમાણ વધ્યું છે.

તા.૧૮ જુલાઈથી ૫ ટકા જી.એસ.ટી.-ગલ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ થતાં છાશ અને દહીંના ભાવમાં અમૂલ ડેરી દ્વારા વધારો કરવામાં આવ્યો છે. દહીંના ૧ કીલો પેકીંગ ભાવમાં રૂ ૪ વધારીને ૯ કરવામાં આવ્યા. જ્યારે દહીંના ૨૦૦ ગ્રામના પાઉચમાં રુ ૧ નો, ૧૦૦ ગ્રામના પાઉચમાં રુ ૨ નો વધારો થતાં દહીં અનુક્રમે રુ ૧૭ અને ૩૨ સુધી ભાવ પહોંચ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રજા વર્ષોથી અમૂલ ડેરી ઉત્પાદિત છાશ અને દહીંનો વધુ વપરાશ કરતી આવી છે. ડેરી સત્તાવાળાઓ દ્વારા ગામડે ગામડે અમૂલ પાર્લરની એજન્સીઓ આપવામાં આવી છે. જેમાં દૂધની સાથે છાશ અને દહીંના વેચાણમાં ડેરીને મોટી આવક થઈ રહી છે. બંન્ને જિલ્લામાં દૈનિક ૧,૧૫,લીટર છાશનું વેચાણ થઈ રહ્યું છે. જ્યારે દૈનિક ૧૦ ટન દહીંનું વેચાણ થઈ રહ્યું છે. તેવામાં સરકાર દ્વારા ૫ ટકા જી.એસ.ટી. લાગુ કરવામાં આવે છે જેના કારણે જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, પોશીના, વિજયનગર, ખેડબ્રહ્મા, ઈડર, વડાલી, તલોદ અને પ્રાંતિજ તાલુકાની પ્રજા ઉપર દૈનિક ૧, ૬૦,૦૦૦નો બોજ વધી ગયો છે. મોંઘવારીના ચક્કરમાં પીસાતી પ્રજાને ઉંચા ભાવ વધારાથી રાહત મળવાની આશા તો દૂર રહી પરંતુ તેલ, રાંધણગેસ, ઈધણ, શાકભાજી સહિતની જીવન આવશ્યક ચીજવસ્તુઓ મોંઘી થયા પછી હવે જી.એસ.ટી.ની અસરથી છાશ અને દહીં પણ મોંઘા બની ગયા છે.

**આત્મનિર્ભરતાનું ઉમદા દ્રષ્ટાંત**

## બાયડમાં સમોસા વેચી સન્માનપૂર્વક જીવન જીવતાં સાસુ-વહુ

### બાયડ માર્કેટયાર્ડમાં શ્રમજીવીઓને પોસાય તેવા ભાવે સમોસાનું વેચાણ : દૈનિક રુ૫૦૦ની કમાણી કોરોનાએ અનેક પરિવારોને વધુ મહેનતકસ બનાવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

બાયડના હેર વિસ્તારમાં રહેતા સાસુ-વહુ દ્વારા આત્મનિર્ભરતાનું ઉત્તમ દ્રષ્ટાંત પુરુ પાડ્યું છે. દરરોજ ૨૦૦ થી વધુ સમોસા તૈયાર કરી બાયડ માર્કેટયાર્ડમાં શ્રમજીવીઓને પરવડે તેવા માત્ર ૫ ના ભાવે સમોસા વેચીને દૈનિક રુ ૫૦૦ની ચોખ્ખી આવક મેળવી રહ્યા છે. કોરોનાએ અનેક પરિવારોને વધુ મહેનતકસ બનાવવાની સાથે જીવન જીવતાં શીખવાડ્યું છે જેમાં બાયડના મારવાડી પરિવાર સૌને રાહ ચિંધે છે.






પ્રાપ્ત જાણકારી અનુસાર મંદી હોય કે તેજી અનેક ધંધામાં ચઢાવ-ઉતાર આવતા હોય છે પરંતુ હિંમત હાર્યા વગર ધંધામાં આગળ વધવું તેજ મોટી કળા છે. પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરોનામાં બાયડના અનેક શ્રમજીવી પરિવારોએ રોજગારી ગુમાવી દીધી. રોજગારી મળી તો સિમિત આવક થવા લાગી ત્યારે બાયડના હેર વિસ્તારમાં રહેતાં ચંપાબેન શનાજી મારવાડી અને તેમની વહુ સંગીતાબેન વિરાજભાઈ મારવાડીએ ઘરે સમોસા બનાવીને વેચવાનો વિચાર કર્યો પરંતુ બજારમાં રુ ૧૫માં સમોસો મળે છે જેથી અત્યંત ગરીબ પરિવારો કેવી રીતે સમોસો ખરીદી શકે તેવો વિચાર કરી નાનો સમોસા બનાવવા અને માત્ર ૪ ૫ માં માર્કેટયાર્ડમાં જઈને શ્રમજીવીઓને વેચાણ કરવું જેથી તેમને રોજગારી મળે અને શ્રમજીવીઓને રાહત દરે નાસ્તો મળી રહે. છેલ્લા એકાદ-બે મહિનાથી સાસુ-વહુ સમોસા બનાવે અને તેમનો દિકરો વિરાજ બાયડ માર્કેટયાર્ડમાં આવીને વેચાણ કરે છે. માત્ર ૨ કલાકમાં જ ચપોચપ ૨૦૦ સમોસાનું વેચાણ કરી રુ ૧૦૦૦ ની કમાણી કરે છે જેમાંથી રુ ૫૦૦નો ચોખ્ખો નફો મેળવી રહ્યા છે. સાસુ-વહુ કમાણી માટે દરરોજ સવારે ૫-૦૦ વાગે જાગીને સમોસા માટેની તૈયારી કરે છે અને માર્કેટયાર્ડમાં શ્રમજીવીઓ પણ ક્યારે વિરાજમારવાડીની લારી દેખાય અને સમોસા આરોગીએ તેની રાહ જોઈને બેઠા હોય છે. અનેક લોકોએ રોજગારી ગુમાવ્યા પછી માનસિક સંતુલન ગુમાવ્યું છે ત્યારે બાયડના મારવાડી પરિવારની સાસુ-વહુની જોડીમાંથી બોધપાઠ લેવાની જરૂર છે.

**કડાણા ડેમમાં એક દિવસમાં ૪ ફૂટ પાણીની આવક**

## સુજલામ સુફલામ કેનાલથી સિંચાઈનો લાભ મેળવતા ખેડૂતોમાં આનંદ દેખાયો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતોની જીવાદોરી સુજલામ કેનાલ બની છે. ત્યારે કડાણા ડેમમાં એક દિવસમાં ૪ ફૂટ પાણીની આવકથી બંન્ને જિલ્લાના ૫૦૦૦થી વધુ ખેડૂતોમાં અનોખો આનંદ જોવા મળ્યો. મધ્ય ગુજરાત તેમજ તેના ઉપરવાસમાં વરસેલા સારા વરસાદથી પાણીની ધોધમાર આવક કડાણા ડેમમાં શરુ થઈ છે જેથી તંત્રને એલર્ટ મોડ ઉપર મૂકવામાં આવ્યું છે. રાજ્યની ભાજપ સરકાર દ્વારા ઉત્તર ગુજરાતની સૂકી ધરતીને લીલીછમ બનાવવા માટે સુજલામ સુફલામ સ્પેડીંગ કેનાલનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ અમલી બનાવ્યો હતો. મધ્ય ગુજરાતના મહિસાગર, ખેડા, અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને તેના કારણે સિંચાઈનો લાભ મળવાની સાથે ખેડૂતોને ત્રણેય સીઝન માટે સિંચાઈનાં પાણી મળવા લાગ્યા હતા. જ્યારે સુજલામ કેનાલના



કારણે આસપાસના બોરદ્વા રીચાર્જ થતાં પાછલા ૨૨ વર્ષમાં ખેડૂતો વધુ સમૃદ્ધ બન્યા છે. ગત વર્ષે ચોમાસા દરમ્યાન ઓછો વરસાદ હોવા છતાં કડાણા ડેમમાં વધુ પાણી સંગ્રહીત થયેલું હતું જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતોને મે. મહિના સુધી સિંચાઈનાં પાણી મળ્યાં હતાં. કડાણા ડેમમાં પાણીની સપાટી ઘટ્યા પછી પાણી છોડવાનું બંધ કરાયું અને હવે ચોમાસુ જામ્યું છે ત્યારે કડાણાડેમ છલકાય તો ઉત્તર ગુજરાતની જીવાદોરી સુજલામ સુફલામ કેનાલ ફરી જીવંત બને તેવી ખેડૂતો આશા રાખીને બેઠા છે. ત્યારે પાછલા ૨૪ કલાક દરમ્યાન કડાણા ડેમ સાઈટ વિસ્તારમાં વરસેલા અનરાધાર વરસાદ પછી પાણીની જળસપાટી ૩૮૭ ફૂટથી વધુને ૩૯૧.૦૦ ફૂટ એટલે કે ૪ ફૂટ વધી છે. જ્યારે ૪૧૬ ફૂટ પાણી ભરાશે એટલે સંપૂર્ણ ડેમ છલકાઈ જશે. કડાણા ડેમમાં પાણીની ધોધમાર આવક થાય અને છલકાય તે માટે મધ્ય ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાતના ખેડૂતો પણ પ્રાર્થના કરતા જોવા મળી રહ્યા છે. કડાણા ડેમમાં ૪૪ ટકા પાણી ભરાયું, પ્રતિકલાક ૯૨૦૦ ક્યુસેક આવક. કડાણા ડેમ સાઈટના ઈજનેરના જણાવ્યા અનુસાર સારા વરસાદ પછી કડાણા ડેમની જળસપાટી ૩૯૧.૦૬ ફૂટ પહોંચી છે. કડાણા ડેમમાં ૪૩. ૬૮ ટકા પાણીનો જથ્થો નોંધાયો છે અને પ્રતિકલાક ૯૨૨૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. એક દિવસમાં ૪ ફૂટનો પાણીનો વધારો થયો છે.

## શામળપુરના કોમ્પ્લેક્ષમાં બુકાનધારી તસ્કર ટોળકી ત્રાટકી: ત્રણ દુકાનોમાંથી ધીંગી ખેપ મારી પલાયન

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં વરસાદી માહોલમાં તસ્કર ટોળકીઓ સક્રિય થતા સતત જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપી ખાખીને પડકાર ફેંકી રહી છે શામળાજી પંથકમાં તસ્કર ટોળકીએ ડેરા તંબુ તાણ્યા હોય તેમ એક સપ્તાહમાં ત્રણ સ્થળે ચોરીની ઘટનાને અંજામ આપતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે શામળાજી પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવાને તસ્કરો નિષ્ફળ બનાવી રહ્યા છે.




પ્રાપ્ત માહિતી અનુસાર,શામળાજી નજીક આવેલા શામળપુર ગામમાં રોડ પર આવેલા સાંઈ આર્કેડ નામના કોમ્પ્લેક્ષમાં તસ્કરો ત્રાટકી ત્રણ દુકાનોમાંથી લાખ્ખો રૂપિયાની રોકડ રકમ અને માલસામાન અને બાઈકની ચોરી કરી રફુચક્કર થઇ જતા દુકાનદારોમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે ચોરીની ઘટનાના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી ચોરીની ઘટના દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થતા રેકોર્ડિંગના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ચોપડે ચોરીની ઘટના નોંધાઈ નથી. શામળાજી હાઈવે પર આવેલા કોમ્પ્લેક્ષમાં દુકાન ધરાવતા વેપારીઓ રાબેતા મુજબ બુધવારે રાત્રે દુકાનો બંધ કરી ઘરે ગયા હતા ગુરુવારે સવારે ત્રણ દુકાનોના તાળા તૂટ્યા હોવાની જાણ થતા વેપારીઓ અને ગ્રામજનો ઘટનાસ્થળે દોડી ગયા હતા ધનલક્ષ્મી કિરાણા સ્ટોર, સાંઈ સિમેન્ટ એજન્સી અને અન્ય એક દુકાનના શટરના તાળા તોડી મોટી રકમ સહીત મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ જતા ચોરીની ઘટનાને પગલે શામળાજી પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ચારે મકાનમાં પ્રાથમિક તપાસ હાથધરી કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથધરી હતી.

## બનાસકાંઠામાં કોરોના વિસ્ફોટ: ૧૪૦ દિવસ પછી નવા ૨૫ કેસ

પાલનપુર તા.૨૧

બનાસકાંઠા જિલ્લામાં બુધવારે ૧૪૦ દિવસ પછી કોરોનાનો વિસ્ફોટ થતા એક જ દિવસમાં ૨૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં એક્ટિવ કેસોની સંખ્યા ૭૬ થઈ છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાની બીજી લહેર દરમિયાન તારીખ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૨ ના દિવસે પોઝિટીવ ૧૮ કેસ નોંધાયા હતા. જે પછી ક્રમશઃ કેસો ઘટતા ગયા હતા. હવે નવા કેસો નોંધાઈ રહ્યા છે.

જેમાં ૧૪૦ દિવસ પછી એક જ દિવસે ૨૫ નવા કેસ નોંધાયા હતા. આ અંગે ડો. જીગ્નેશ હરિયાણીએ જણાવ્યું હતું કે, આર. ટી. પી. સી. આર ૧૩૯૯ અને એન્ટીજન ૭૧૧ મળી કુલ ૨૧૧૦ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે પૈકી દાંતીવાડા ૩, થરાદ ૨, વાવ ૪, સુઈગામ ૨, ડીસા ૨, વડગામ ૭ ધાનેરા ૨, અમીરગઢ ૧ અને પાલનપુર ૨ પોઝિટિવ કેસો આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં એક્ટિવ કેસોની સંખ્યા ૭૬ થઈ છે. દરમિયાન ૧૬ દર્દીઓ કોરોનાને હરાવી સ્વસ્થ બન્યા હતા.